**<u>ફોજદારી કેસ નંબર :– ૩૧૯૬/૨૦૧૪</u>**

**<u>–: આંક:૧ લગત હુકમ :–</u>**

ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી. હાલની ફરીયાદ **સને–૨૦૧૪** નાં વર્ષમાં દાખલ કરેલ છે. ત્યારબાદથી આજદિન સુધી હાલની ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવવા ફરીયાદપક્ષે કોઈપણ નોંધપાત્ર તજવીજ હાથ ધરેલ નથી અને હાલની ફરીયાદ ઘણા લાંબા સમયથી અત્રેની અદાલત સમક્ષ અન–એટેન્ડેડ પડતર પડી રહેલ છે અને આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાનાં કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

<u>ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તારીખ ૧૮/૦૧/૨૦૧૦</u> ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે, જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે.

આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ આગળની યોગ્ય ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવા સબંધે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી કે જેના કારણે ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયીક નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

**<u>:: આ ખ રી હુ ક મ ::</u>**

ફરીયાદીની ફરીયાદ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તારીખ ૧૧/૧૨/૨૦૨૧ નાં રોજ નેશનલ લોક–અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

સ્થળ: રાજકોટ
તા.૧૧/૧૨/૨૦૨૧

**(એન. એચ. વસવેલીયા** )
પાંચમા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
રાજકોટ.
(UIC No. GJ00761)